**647510** **MA0GujCC1010** **Seat No :________**

# M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
# OCT/NOV-2025 (AS PER SYLLABUS YEAR JUNE-2018)
# BHASHA KAUSHAL(CORE)

**Time: 2:30 Hours** **Marks:70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેના કાવ્યનું રસદર્શન કરાવો. (૧૪)

કદી નહિ કહું, ‘મને જ સ્મરણે સદા રાખજે,
અને નયનપંથનું અવર વિશ્વ તું ત્યાગજે’ ;
પરંતુ ગગનાંગણે, અવનિમાં અને સિંધુમાં,
મળે અધિક જે તને મુજ થકી, ઉરે થાપજે.
પરસ્પર કરી કથા રજની ને દિનો ગાળિયા;
અનેક જગતો રચી સ્વપ્નમાં, વળી ભાંગિયાં.
કઠોર થઈને કદીક તુજ આંસુ જોયા કર્યાં;
કદીક તુજ ગોદ શીશ ધરી હીબકાં મેં ભર્યાં.
મળે અધિક ઊજળા દિન અને મીઠી રાતડી,
જજે સકલ તો ભૂલી રજનિ ને દિનો આપણાં ;
રચે સ્વપન ભવ્ય કો જગતનું બીજા સાથમાં,
ભલે વીસરજે પછી જગત આપણે જે ઘડ્યાં.
છતાંય સ્મરણે ચડી વિપળ એક જો હું લઉં,
ઉદાર તવ ઉરની પ્રથમથી ક્ષમા તો ચહું .

- પ્રહ્લાદ પારેખ

અથવા

પ્રશ્ન-૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરવો.

મારી બંસીમાં બોલ બે વગાડી તું જા,
મારી વીણાની વાણી જગાડી તું જા.
ઝંઝાના ઝાંઝરને પહેરી પધાર પિયા,
કાનનાં કમાડ મારાં ઢંઢોળી જા,
પોઢેલી પાંપણના પડદા ઉપાડી જરા,
સોનેરી સોણલું બતાડી તું જા. મારી બંસીમાં....
સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,
દિલનો દડૂલો રમાડી તું જા,
ભૂખી શબરીનાં બોર બેએક આરોગી,
જનમભૂખીને જમાડી તું જા. મારી બંસીમાં....
ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા,
મનના માલિક તારી મોજના હલેસે
ફાવે ત્યાં એને હંકારી તું જા. મારી બંસીમાં....

- સુન્દરમ્

પ્રશ્ન-૨ નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો. (૧૪)

સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નિરોગી, પ્રસન્ન, સેવાપરાયણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો તેના બધા જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાતતા છે અને સર્વમંગલકારી કલ્યાણની ભાવના છે તેનું શબ્દશરીર એની મેળે જ ભાવગંભીર, લલિત, કોમળ અને પ્રસાદપૂર્ણ થવાનું જ. માટે કેવળ સાહિત્યની ઉપાસના ન કરતાં જો આપણે આર્ય અને પ્રસન્ન જીવનની ઉપાસના કરીએ તો સાહિત્યની સુંદરતા એની મેળે ફૂટી નીકળશે. બારડોલીનાં ખેતરોમાં પૂજ્ય ગાંધીજી અને વલ્લભભાઈએ ઉચ્ચારેલી ભાષા પોતાની સ્વાભાવિકતાથી જ ધીરોદત્ત અને પ્રૌઢ બની છે. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ. સાહિત્ય એ જીવનની છાયા છે, જીવનની સુગંધ છે.

- કાકા કાલેલકર

અથવા

પ્રશ્ન-૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો.

આજનું શિક્ષણ માત્ર સ્મૃતિનો ઉછેર કરે છે. આપણે જીવતા માણસોને સ્મૃતિના યંત્રો બનાવીએ છીએ. હકીકતો અને અભિપ્રાયોને ધારણા કરનારાં સામાન્ય પ્રાણીઓની આપણે નીપજ કરવી છે, અને સમય આવ્યે એમનો ઉપયોગ કરવો છે. આપણે એવા માણસો પેદા કરવા માગીએ છીએ કે, જેમનાં મન, ધર્મ, માન્યતાઓ અને પરંપરાઓથી ગૃહિત છે.

મને એવું જણાય છે કે સાચું શિક્ષણ આ બધાં સંસ્કારગ્રહણોની પેલે પારથી શરૂ થાય છે. જ્યાં માણસ વિચારવાની સાચી પ્રક્રિયા સમજે છે. આ સંસ્કારગ્રહણોને ઓળંગી જવાના તમારાં પુરુષાર્થમાં સમાજ તમને કશી જ મદદ કરી શકે એમ નથી. સમાજને તો પોતાની પરંપરાઓ નિભાવવા માટે સાધારણ જનોની પેદાશ કરવી છે. આવા સમાજ સામે તમારે બળવો પોકારવો પડશે.

જ્ઞાન તમારાં અનુભવોને ગ્રહીત બનાવે છે. જો તમારે તથ્યને સીધી રીતે અનુભવવું હશે તો બધાં જ જ્ઞાનનાં વસ્ત્રો ઉતારીને મનને મુક્ત કરવું પડશે. સત્ય અથવા તથ્ય વિશે જ્ઞાન મેળવી શકાતું નથી. સત્યનું સીધું દર્શન, એનો સીધો અનુભવ તમને કેવળ આ ક્ષણે જ થઈ શકે. કેમ મળી શકે એની પ્રક્રિયા કોઈ એક જણ બીજાને દેખાડી ન શકે. કેળવણી માટે પદ્ધતિ જોઈએ. પદ્ધતિ પછી 'સમય' ને વચ્ચે લાવે છે, સમય એ સ્મૃતિ છે. સ્મૃતિ એટલે પરંપરા. આ બધાં સંસ્કારગ્રહણોને જો તમે જોઈ લો તો તેઓ પોતાની મેળે ખરી પડશે. સંસ્કારોનું નિર્માણ ત્યાં શાંત થઈ જશે. સંસ્કારનિર્મિતિની પ્રક્રિયાનું શાંત થવું એ સાવધાનીની શરૂઆત છે. -શ્રી કૃષ્ણમૂર્તિ

પ્રશ્ન-3 અલંકારની સંજ્ઞા સ્પષ્ટ કરી, તેનો અર્થમહિમા સમજાવી, તેના પ્રકારોની વિગતે છણાવટ કરો. (૧૪)

અથવા

પ્રશ્ન-3 છંદનું સ્વરૂપ અને તેનાં પ્રકારો જણાવી, પૃથ્વી, શાર્દુલ વિક્રીડિત અને અનુષ્ટુપ છંદોનું બંધારણ સદ્રષ્ટાંત સમજાવો.

પ્રશ્ન-૪ શબ્દાલંકાર અને અર્થાલંકારની સદ્રષ્ટાંત વિગતે ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન-૪ જોડણી એટલે શું? જોડણીના મહત્ત્વના નિયમોની વિગતવાર ચર્ચા કરો.

પ્રશ્ન-૫ નીચેનામાંથી **કોઈપણ બે** ટૂંક નોંધ લખો. (૧૪)

1) કાવ્યમાં છંદનું સ્થાન અને તેની અનિવાર્યતા.
2) ઉપમા અને ઉત્પ્રેક્ષા અલંકાર (સદ્રષ્ટાંત)
3) પ્રુફરીડિંગની સંજ્ઞાઓ.
4) કાવ્ય નિર્માણનાં મહત્ત્વના ઓજાર તરીકે અલંકારની મહત્તા.

*************************